વર્ષ:૨૦૧૭-૧૮ની નવી બાબત..
ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ હસ્તકની કન્ડમ કરેલ વાહન નં-જી.જે.૧૮.એએ.૭૪૮૩ સામે ૦૧ નવું વાહન ખરીદવા અંગેની રૂ.૭.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અવક/૧૦૨૦૧૬/૭૦૩૩૦૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૦/૦૪/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગરનો તા:૨૩/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક:અવિકો/વહટ/૨૦૧૬-૧૭/૧૬૭૦.

૨) ગૃહ વિભાગનો તા:૦૭/૧૨/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૧/૩૦૨૬/ઘ.

૩) બંદર અને વાહન વ્યવહાર વિભાગનો તા:૨૪/૦૯/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનના વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના તા:૨૩/૦૩/૨૦૧૭ના પત્ર દ્વારા કન્ડમ કરેલ ૦૧ વાહન સામે ૦૧ નવું વાહન ખરીદવા માટે નવી બાબત તરીકે વર્ષ:૨૦૧૭-૧૮માં થયેલ રૂ. ૭.૦૦ લાખની અંદાજપત્ર જોગવાઈને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉપર્યુકત કચેરી માટે કન્ડમ કરાયેલ ૦૧ જુના વાહન સામે ૦૧ નવું વાહન ખરીદવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે કન્ડમ કરેલ વાહન નં-જી.જે.૧૮.એએ.૭૪૮૩ સામે ૦૧ નવુ વાહન ખરીદવા અંગેની રૂ.૭.૦૦ લાખની વર્ષ:૨૦૧૭-૧૮ની નવી બાબતને વહીવટી મંજૂરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે:-

૧) આ અંગેનો ખર્ચ નાણાંકીય વર્ષ:૨૦૧૭-૧૮ની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદા કરવાનો રહેશે.

૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા:૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘની જોગવાઈ અને શરતોને અનુસરીને જે-તે નાણાંકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૬) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં. તેમજ, બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવેતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

૭) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રકીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૮) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા:૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલ્તિ હોય તો તેને સી.એન.જી.માં રૂપાંતર કરાવવાની જવાબદારી નિગમની રહેશે.

૯) વાહનની ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦) ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક :- ૯૫-પ્લાન

મુખ્ય સદર :- ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ,

પેટા મુખ્ય સદર :- ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,

ગૌણ સદર :- ૧૯૦-જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોને સહાય

પેટા સદર :- ૦૧, એસ.સી.ડબ્લ્યુ-૧૩, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૪/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ૧૦/૨, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ-૨૦૧૭.